## જન્મદિને વધામણી



મહેશકુમાર કેશવલાલ સુખડીયા
મો. ૯૯૦૯૯ ૫૫૬૬૦



હંસાબેન દોશી



દેવરાજસિંહ કરણસિંહ સોલંકી
મો. ૯૭૧૪૮ ૭૩૭૮૪

# ખાનગી યુનિવર્સિટીઝે નવા વિષયો દાખલ કરવા તંત્રની મંજૂરી લેવી જરૂરી

## નૉલેજ કોન્સોર્ટિયમ પાસે ખરાઈ કર્યા બાદ જ પ્રવેશ લેવા વિદ્યાર્થી-વાલીઓને શિક્ષણ પ્રધાનનો અનુરોધ

ગાંધીનગર, તા. ૧૯

રાજયની કોઈપણ ખાનગી યુનિવર્સિટીઓ દ્વારા શરૂ કરવામાં આવતા નવા અભ્યાસક્રમો માટે યુજીસી, એઆઈસીટીઈ, આઈસીએઆર જેવી સંસ્થાઓ પાસેથી મંજૂરી લેવી પડશે અને વિદ્યાર્થીઓ તથા વાલીઓને આવા અભ્યાસક્રમની ખાતરી કરવા માટે નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાતનો સંપર્ક કરવા શિક્ષણપ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ અનુરોધ કર્યો છે.



શિક્ષણપ્રધાનની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં અમાન્ય કોર્સ અંગે વિદ્યાર્થીઓ-વાલીઓને ચાલુ વર્ષે કોઈ મુશ્કેલીઓ ન પડે તે માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે. આ બેઠકમાં નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાતના એડવાઈઝર એ.યુ.પટેલ અને રાજયની તમામ એગ્રિકલ્ચર યુનિવર્સિટીઓના કુલપતિઓએ ઉપસ્થિત રહી ખાનગી યુનિવર્સિટી દ્વારા એગ્રિકલ્ચર, ફિશરીઝ, પશુપાલન, ડેરી તથા અન્ય વિષયો દાખલ કરવા હોય તો પ્રથમ દેશની જે તે નિયમનકારી સંસ્થા જેમ કે, યુ.જી.સી, એ.આઈ.સી.ટી.ઈ., આઈ.સી.એ.આર.ની મંજૂરી લેવી અનિવાર્ય છે.

જે તે યુનિવર્સિટી એકટ મુજબ જ્યારે કાયદાની કલમો મુજબ મૂળ વિષયો ઉપરાંત બીજા વિષયો દાખલ કરતાં પહેલા યુનિવર્સિટીના પોતાના સત્તામંડળની મંજૂરી પછી રાજ્ય સરકારની મંજૂરી લેવી પડે છે. એગ્રિકલ્ચર વિષય માટે પ્રેક્ટિકલ માટે રેગ્યુલેટરી ઓથોરિટી અનુસાર વિદ્યાર્થી દીઠ જમીન અને અધ્યાપકો હોવા જોઈએ તથા અન્ય આનુષાંગિક વ્યવસ્થાઓ ફરજિયાત હોવી જરૂરી છે અને જે તે સરકારી યુનિ.નો કાર્ય વિસ્તાર-ડોમેઈન જ્યુરિડિકશન નક્કી કરાયું છે.

ખાનગી યુનિવર્સિટીઝમાં ઊંચી ફી ભરી પ્રવેશ લેતા પહેલાં વિદ્યાર્થીઓ-વાલીઓએ તે વિષયની મંજૂરી યુનિવર્સિટી પાસે છે કે કેમ તેની તપાસ નોલેજ કોન્સોર્ટિયમના સલાહકાર પાસે કરાવ્યા બાદ જ પ્રવેશ લેવા શિક્ષણપ્રધાન દ્વારા અપીલ કરવામાં આવી છે.

### દેશની ટેકનિકલ કોલેજોમાં ફેકલ્ટીની અછત ઘટાડવા માટે મંજૂરી

# ઉદ્યોગોના નિષ્ણાતોની ફેકલ્ટી તરીકે સેવા લેવાનો એઆઈસીટીઈનો નિર્ણય

## નવા શૈક્ષણિક વર્ષથી કોલેજોમાં પ્રાયોગિક ધોરણે સ્ટાર્ટ અપ નીતિનો અમલ કરવામાં આવશે


ગાંધીનગર, તા. ૧૯

દેશની ટેકનિકલ કોલેજોમાં હાલમાં ફેકલ્ટીની ખૂબ જ તંગી છે, જે નિવારવા માટે ઉદ્યોગોના નિષ્ણાતોની સેવા ફૅકલ્ટી તરીકે લેવા માટે એઆઈસીટીઈ દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

જે કોલેજોમાં ફેકલ્ટીની જે તંગી છે તેમાં ૨૦ ટકા જેટલી રાહત થશે. ઉપરાંત નવા શૈક્ષણિક સત્રથી સમગ્ર દેશની ટેકનિકલ કોલેજોમાં પ્રાગોયિક ધોરણે સ્ટાર્ટ અપ નીતિનો અમલ કરવાની કવાયત હાથ ધરાઈ છે. હાલમાં દરવર્ષે દેશમાં સરેરાશ દોઢ લાખ જેટલી એન્જિનિયરિંગની બેઠકો ઘટી રહી છે. છેલ્લા ત્રણ વર્ષથી આ સ્થિતિ થઈ છે. જોકે તેની સામે એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવનારા વિદ્યાથીઓની સંખ્યા ઘટી ન હોવાનું જાણવા મળે છે. જીટીયુ ખાતે આવેલા AICTEના ચેરમેન પ્રો. અનિલ સહસ્ત્રબુદ્ધે પત્રકારો સાથે વાત કરતા માહિતી આપી હતી. AICTEના ચેરમેને પ્રો. અનિલ સહસ્ત્રબુદ્ધે ફેકલ્ટીની અછત અંગે જણાવ્યું હતું કે, દેશભરની કોલેજોમાં ૩૦ ટકા ફેકલ્ટીની તંગી વર્તાઈ રહી છે. આ સમસ્યાના નિરાકરણ માટે ઉદ્યોગોના નિષ્ણાતોને એડજન્કટ ફેકલ્ટી તરીકે સેવા આપવાની મંજૂરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના લીધે ટેકનિકલ કોલેજોમાં ફેકલ્ટીની તંગીની સમસ્યામાં ૨૦ ટકા જેટલી રાહત મળશે. ઉપરાંત આ પગલાંથી ઉદ્યોગો અને શિક્ષણક્ષેત્ર વચ્ચે સંબંધોને સેતુ પણ મજબૂત બનશે. જેનો ફાયદો વિદ્યાથીઓને મળશે. જીટીયુના કુલપિત ડો. અક્ષય અગ્રવાલે પણ તેમની વાતમાં સૂર પુરાવતા જણાવ્યું હતું કે, ઉદ્યોગો સાથે સંપર્ક વધારવા આ નવી સિસ્ટમ અમલમાં મુકવા જીટીયુ તૈયાર છે અને તેના માટે ઉદ્યોગકાર જૈમિન વસાના નેતૃત્વમાં ખાસ નીતિ ઘડવામાં આવી રહી છે. AICTE તરફથી ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓ માટેનું રાષ્ટ્રીય માળખું અને નીતિ ઘડવા માટેની બેઠકો યોજવામાં આવી રહી છે, તેમાં સૌપ્રથમ બેઠક ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી અને આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા તરફથી બુધવારે યોજાઈ હતી. પ્રો. અનિલ સહસ્ત્રબુદ્ધે જણાવ્યું કે, જૂલાઈ-ઓગસ્ટથી શરૂ થનારા નવા શૈક્ષણિક સત્રથી દેશભરની ટેકનિકલ કોલેજોમાં પ્રાયોગિક ધોરણે સ્ટાર્ટ અપ નીતિનો અમલ કરાશે અને આગામી એક વર્ષમાં તેમાં સુધારા વધારા કરીને તેને અંતિમ ઓપ આપી તેનો અમલ કરાશે. તેમણે કહ્યું કે, એન્જિનિયરિંગમાં દરવર્ષે ૧૫૦થી ૨૦૦ કોલેજો બંધ થઈ રહી છે અને તેની સામે બીજી નવી ૧૫૦ કોલેજો શરૂ કરવાની અરજી આવે છે.

# સ્માર્ટ સિટી પૂર્વે ગામડાં થશે સ્માર્ટ

## ૨૨મી મેએ મહાત્મા મંદિરથી નવી યોજનાનું લોન્ચિંગ : રાજ્યની ગ્રામ પંચાયતોના હજારો સરપંચની ઉપસ્થિતિમાં આનંદીબહેન પટેલનો મોટાપાયે કાર્યક્રમ




ગાંધીનગર, તા. ૧૯

રાજયમાં ૨૨મીએ સ્માર્ટ વિલેજ યોજનાનો મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ દ્વારા આરંભ કરાવાશે. પ્રથમ વર્ષમાં ૩૦૦ ગામનો સમાવેશ તેમાં કરાયો છે જેને સ્માર્ટ વિલેજમાં ફેરવવામાં આવશે. તે પછી તબક્કાવાર વધુ ગામને તેમાં આવરી લેવાશે. મહાત્મા મંદિરમાં ગ્રામ પંચાયતોના સરપંચની ઉપસ્થિતિમાં મોટાપાયે કાર્યક્રમ યોજાશે. સ્માર્ટ વિલેજમાં ગામડામાં ઈ-સુવિધાથી લઈને સરકારી યોજનાઓનો સો ટકા અમલ, સાક્ષરતા, તમામ ઘરે શૌચાલય જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા સ્માર્ટ સિટીની જાહેરાત કરવામાં આવી છે પણ ગુજરાતમાં સ્માર્ટ સિટીથી આગળ વધીને રાજય સરકાર દ્વારા સ્માર્ટ વિલેજનો પણ પ્રારંભ કરી દેવાયો છે. સ્માર્ટ વિલેજ થકી ગ્રામ્ય વિસ્તારમાં તમામ પાયાની સુવિધા અને જરૂરિયાતો આવરી લેવાય તેવો લક્ષ્યાંક રખાયો છે, જેમાં ગામમાં સ્કૂલ હોય પણ જો તેમાં તમામ વિદ્યાર્થીઓનું નામાંકન ન થતું હોય કે સો ટકા નામાંકન થતું હોય પરંતુ ડ્રોપ આઉટ રેશિયો હોય તો તે શૂન્ય હોવો જોઈએ અને એનરોલમેન્ટ પણ સો ટકા થવું જોઈએ તેવી બાબતને પણ સ્માર્ટ વિલેજમાં સમાવાઈ છે. સરકાર દ્વારા એક કટ ઓફ ડેટ નક્કી કરાઈ છે અને ત્યાં સુધીમાં ગામડામાં જેટલા ઘર છે તે તમામમાં વ્યક્તિગત શૌચાલય હોવા જોઈએ તેને પણ સ્માર્ટ વિલેજની સુવિધામાં આવરી લેવામાં આવી છે. ઉપરાંત સરકાર દ્વારા જે લઘુતમ સેવા કે સુવિધા પંચાયતને પૂરી પડાય છે તે ગ્રામ્યજનોને મળવી જોઈએ તેમ પણ નક્કી કરવામાં આવ્યું છે. સ્વચ્છતા અભિયાન, વીજળીકરણ, પાણીની સુવિધા, આરોગ્ય સુવિધા, સરકારી પ્રમાણપત્રો મળવા, ઈ-ગ્રામની સુવિધા વિગેરેનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રથમ તબક્કે ૩૦૦ ગામમાં અમલીકરણ પછી તેના અનુભવના આધારે તેને વધારે વિસ્તારવામાં આવશે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
અઝહર
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
કૅપ્ટન અમેરિકા (૩ડી હિન્દી)
૩.૪૫, ૯.૪૫
કૅપ્ટન અમેરિકા (૩ડી અંગ્રેજી)
૧૨.૪૫, ૬.૪૫

**સ્ક્રીન-૪**
બાગી
૧૨.૧૫, ૩.૦૦, ૯.૪૫
ચુડેલ સ્ટોરી (એ)
૫.૪૫, ૭.૪૫

**સ્ક્રીન-૫**
૧૯૨૦ લંડન
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૭.૦૦
અઝહર
૧૦.૦૦

# હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે આજે શ્રીનૃસિંહ જયંતિ મહોત્સવ

ગાંધીનગર, તા. ૧૯

હરેકૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા શુક્રવારે શ્રી નૃસિંહ જયંતિ મહોત્સવ ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી નૃસિંહ જયંતિ એ નૃસિંહ ભગવાનના અવતરણ કે જેઓ અર્ધ સિંહ અને અર્ધ માનવ તરીકે, ભગવાનશ્રી કૃષ્ણના અવતારરૂપે, પોતાના ભક્ત શ્રી પ્રહલાદને તેના રાક્ષસરૂપી પિતા હિરન્યકશ્યપ સામે રક્ષણ આપવા અવતર્યા હતા તેની યાદગીરીરૂપે ઉજવવામાં આવે છે.

વૈશાખ માસમાં શુકલ ચતુર્દશીએ સંધ્યા સમયે શ્રી નૃસિંહ ભગવાન અવતર્યા હતા. આ દિવસે ભક્તો સંધ્યા સમય સુધી ઉપવાસ રાખે છે.


શ્રી નૃસિંહ જયંતિની ઉજવણી નિમિત્તે હરે કૃષ્ણ મંદિર દ્વારા સાંજના ૬ વાગે ભગવાનશ્રી લક્ષ્મી નૃરસિંહ દેવને નૃસિંહ યજ્ઞ અને અભિષેક અર્પણ કરવામાં આવશે. સાત પવિત્ર નદીઓમાંથી એકત્ર કરેલ જળના ૧૦૮ કળશ દ્વારા ભગવાનશ્રીનો અભિષેક કરવામાં આવશે જે દરમ્યાન ભકતો ઋગવેદમાં વર્ણવેલ પુરુષસૂક્તનું ગાન કરશે. દુષ્ટતા સામે સમાજનું રક્ષણ કરવા માટે નૃસિંહ યજ્ઞ કરવામાં આવશે. રાત્રીના ૮.૧૫ વાગે મહામંગલા આરતી અને પાલકી ઉત્સવ ઉજવાશે.

હરે કૃષ્ણ મંદિર,ભાડજ દ્વારા સૌ ભાવિકોને આ પ્રસંગે દર્શનનો લાભ લેવા તેમજ ધાર્મિક કાર્યક્રમોમાં સહભાગી થવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. શુક્રવારે મંદિર સવારના ૭.૧૫થી રાત્રીના ૮.૩૦ સુધી દર્શન માટે ખુલ્લું રહેશે એમ આ અંગેની અખબારી યાદીમાં જણાવાયું છે.




## પુસ્તકપ્રાપ્તિ

વિતેલા માસ દરમ્યાન 'ગાંધીનગર સમાચાર'ને નીચે મુજબનાં પુસ્તકો પ્રાપ્ત થયાં છે, જે સાભાર સ્વીકારવામાં આવે છે.




**લહેરાતી દિવાલો**
**કાવ્યસંગ્રહ**
**કવિ : પ્રભુ પહાડપુરી**
**પ્રકાશક : રોહિત એસ પટેલ**
**પ્રાપ્તિસ્થાન : ગૂર્જર એજન્સી, અમદાવાદ**
**કિંમત : રૂા.૧૫૦**




**મૌનં સમ્મતિ લક્ષણમ્**
**મૌન વિશેના સુવિચારોનો સંગ્રહ**
**લેખક : પ્રભુ પહાડપુરી**
**પ્રકાશક : ડો. હસમુખ પટેલ**
**પ્રાપ્તિસ્થાન : ગૂર્જર એજન્સી, અમદાવાદ**
**કિંમત : રૂા. ૮૦**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# મારે ટોડલે બેઠો રે મોર ક્યાં બોલે...

# કાઠિયાવાડની કોયલ, લોકગાયિકા પદ્મશ્રી દિવાળીબેન ભીલની વિદાય




ભીખુદાનભાઈ ગઢવીએ લોકગાયિકા દિવાળીબેન ભીલને વનવગડાનું ફૂલ કહ્યાં છે!

અને એમના શબ્દોમાં ભારોભાર સત્ય છે. નહીંતર અમરેલી જિલ્લાના દલખાણિયા ગામે ગીચ ગીર વિસ્તારમાં સાવજો અને દીપડાઓની ત્રાડો વચ્ચે પિતા પૂંજાભાઈ જીવાભાઈ ભીલ અને માતા મોંઘીબેનને નેસડે જન્મેલાં એકેય અક્ષર ભણ્યા વિનાનાં ને સંગીતની કશીય વિધિવત તાલીમ ન પામેલાં દિવાળીબેન ભીલ શું બસ એમ જ આપણને મળી જતાં હશે?

ગીર જંગલમાં રહેતા હોવાને કારણે પિતાજીને વન વિભાગની નાની નોકરી મળી હતી. નાના હતા ત્યારે પાર વિનાના સાવજડા ને દીપડા દિવાળીબેને જોયાં હતાં. ચાર-પાંચ બાળકોનો પરિવાર થતાં તેઓ થોડુંઘણું અક્ષરજ્ઞાન મેળવી શકે એવું વિચારી તે વખતના ફોરેસ્ટર ફરીદભાઈ ખોખરને વિનંતી કરી જૂનાગઢના વિસાવદર નજીક મેંદરડાથી આગળ કાલસારી વનવિસ્તાર તરફ પિતાજીએ પોતાની બદલી કરાવી હતી. ત્યાં માત્ર બે જ એવા ક્વાર્ટર્સમાં બારીઓ, જે શહેરોની આપણી બારીઓ કરતાં ઘણી ઊંચી રહેતી, તેમાંની જાળીમાંથી બહારની બાજુએથી બે પગે ઊંચા થઈ, ઘરમાં બેઠેલા બધાને ભયાવહ રીતે જોતાં વન્યપ્રાણીઓને દિવાળીબેને નિહાળ્યાં હતાં. નળિયાવાળાં એ ઘરો પર દીપડાઓની દોટને કારણે ભયની કંપારીઓને પણ બાળપણમાં અનુભવી હતી. રજવાડાંના એ સમયમાં મહારાજાઓ, નવાબો જ્યારે શિકાર કરવા જતા ત્યારે એ રસાલામાં પિતા પૂંજાભાઈ પણ જોડાતા. રાજાઓ, નવાબો જ્યારે ઊંચા ઝાડના માંચડે નિશાન તાકીને બેઠા હોય ત્યારે સાવજોને હાકલા-પડકારા કરીને એ તરફ ધકેલવાનું કામ અન્યો સાથે પૂંજાભાઈનું પણ રહેતું.

આખાય ગુજરાતને ઘેલું કરનારો કંઠ દિવાળીબેનને માતા મોંઘીબા તરફથી વારસામાં મળ્યો હતો. વન વિસ્તારમાં લોકોની આસ્થાના દીપકને જલતો રાખવામાં મોંઘીબાઈ ભૂઈ તરીકે પણ સેવાઓ આપતાં. નાની ઉંમરે દિવાળીબેને માતા મોંઘીબાને અનેક લોકગીતો મધુર કંઠે ગાતા સાંભળ્યાં હતાં.

પહેલીવાર ક્યારે ગાયું? એમ આ લખનારે જ્યારે તેમને પૂછ્યું તો દિવાળીબેન સીધા જૂનાગઢના વણઝારી ચોકમાં પહોંચી ગયેલાં. પોતાની વીસેક વર્ષની ઉંમરે વણઝારી ચોકમાં દર વર્ષે નવરાત્રીમાં માતાજીના ગરબા ગાતા હતાં. ત્યારે એમના કોકિલ કંઠની ખાતરી જૂનાગઢવાસીઓને તો થઈ જ ચૂકી હતી. એકવાર આ જ વણઝારી ચોકમાં આકાશવાણીના ઉપેન્દ્ર ત્રિવેદી, હેમુ ગઢવી અને અન્ય લોકગાયકોએ દિવાળીબેનને સાંભળ્યા અને બસ શરૂઆત થઈ દિવાળીબેનની લોકપ્રિય લોકગાયિકા તરીકે આગળ વધવાની.

અને પછી મળ્યા હેમુભા ગઢવી, મેરુભા ગઢવી, કાગબાપુ અને તે સમયના અન્ય ખ્યાત ગાયકો જેમણે દિવાળીબેનના કંઠને પારખ્યો. સોનીઓ જેમ હીરાની પરખ કરી લે તેમ. એ હેમુભાઈ ગઢવી જ હતા જેમણે સૌપ્રથમ 'મારી દીકરી બહુ ડાહી, હાલ્ય મારી હારે...' એમ કહી દિવાળીબેનને આકાશવાણી કેન્દ્ર સુધી દોરી ગયા અને પહેલું ગીત ગવરાવ્યું :

'ફૂલ ઉતર્યા ફૂલવાડીએ રે લોલ
ફૂલ તમે ઉતારા કરતા જાવ
ડોલરિયા ફૂલ ઘણા રે લોલ'

દિવાળીબેન આકાશવાણીના તે વખતના આસી. ડિરેકટર સ્વ. ચંદ્રકાન્ત ભટ્ટનું નામ ખૂબ જ આદર સાથે યાદ કરે છે. વિધિવત સંગીતની કોઈ તાલીમ ન હોવા છતાં દિવાળીબેનને સૂર, તાલ, લયની જે સૂઝ હતી તેણે જ તેમને આકાશવાણીના એ ગ્રેડના આર્ટીસ્ટનું પ્રમાણપત્ર અપાવ્યું હતું.

સ્વરકિન્નરી લતા મંગેશકર અને આશા ભોંસલે પણ દિવાળીબેનથી ભારે પ્રભાવિત હતાં.

મધુર કંઠને કારણે લોકપ્રિય એવા દિવાળીબેને શરૂઆતનાં વર્ષોમાં રાજ્ય સરકારના માહિતી ખાતાના લોકડાયરાના અનેક કાર્યક્રમો કર્યા. જે મુકામ પર તેઓ પહોંચેલા તેનું નિમિત્ત બનેલાં સરકારી દફતરોને તેઓ આ રીતે યાદ કરતાં, 'આકાશવાણી, દૂરદર્શન ને માહિતી ખાતું આ હંધાય તો મારાં માવતર સે.' જૂનાગઢ નગરપાલિકા, પ્રસારભારતી, સરગમ કલબ, અભિનવ સોશ્યલ ગ્રૂપ, હેમુ ગઢવી સ્મૃતિ સંસ્થાપન, કેશોદ જેસીઝ, મહેશ-નરેશ વિજય પદ્મ સરિખા અનેક ઍવોર્ડ્સ પ્રાપ્ત કરનારાં દિવાળીબેનને ફેબ્રુઆરી, ૨૦૧૧માં મોરારિબાપુએ કવિ કાગના વતન કાગધામ (મજાદર) તેડાવી કાગ ઍવોર્ડથી સન્માનિત કર્યા હતાં. અહીં પણ દિવાળીબેને એમના કંઠની ઓળખ સમા પંદરેક લોકગીતો-ભજનોની કેટલીક પંક્તિઓ-સાખીઓ કોઈ સંગીતના સથવારા વિના રજૂ કરીને હજારો લોકસાહિત્ય રસિકોને રીતસર ડોલાવી દીધા હતા.

'લોકસાહિત્ય પરિવાર મિલન'ના રતુભાઈ અદાણી, જયમલ્લ પરમાર, પીંગળશીભાઈ, મેઘાણંદભાઈ, કાનજી ભૂટા બારોટ, અમરનાથ નાથજી, ભીખુદાનભાઈ ગઢવી અને દિવાળીબેન ભીલ સૌને પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીએ એકવાર દિલ્હી તેડાવ્યાં. ત્યાં પણ રાષ્ટ્રપતિ વી વી ગિરિની ઉપસ્થિતિમાં ઈન્દિરાજીએ દિવાળીબેન સમક્ષ 'મા પાવા તે ગઢથી ઊતર્યા મહાકાળી રે...' ગાવાનો આગ્રહ રાખ્યો! ચોટીલામાં મેઘાણી જયંતિએ મેઘાણીજીનાં ગાતો ગાવામાં જ્યાં અન્ય કલાકારો ફિક્કા પૂરવાર થયાં ત્યાં સ્ટેજ પર પ્રવેશીને 'રામના બાણ વાગ્યા, હરિના બાળ વાગ્યા...' ગાઈને દિવાળીબેને વાતાવરણ મેઘાણીમય બનાવી દીધું હતું.

ગુજરાત અને દેશ બહાર અમેરિકા, બ્રિટન, કેનેડા, ન્યુઝીલેન્ડ જેવાં અનેક દેશોમાં અનેક સ્ટેજ શો કરી ચૂકેલાં દિવાળીબેનને યોગ્ય રીતે જ દેશના પદ્મશ્રી અને રાજ્યના ગૌરવ પુરસ્કારથી નવાજાયાં હતાં.

અને આટલાં સન્માન, ઍવોર્ડ પામીને પણ દિવાળીબેન રહ્યાં તો હતાં સાવ સાદાં. એમને મોટાઈનું કોઈ જ અભિમાન નહોતું.

લોકગાયક વિજયદાન ગઢવીએ સાચું જ કહ્યું છે, દિવાળીબેન ભીલ તો આપણા ગુજરાતનું ઘરેણું છે.

## યોગાનુયોગ કહેવો કે ઋણાનુબંધ?



સુરમણી સ્વ. પ્રાણલાલ વ્યાસની ગુરુવારે જન્મતિથિ અને એ જ દિવસે પદ્મશ્રી દિવાળીબેન ભીલે પ્રાણ છોડ્યા. આ બંને કલાકારોએ સૌથી વધુ કાર્યક્રમો સાથે કર્યા છે. બંને જૂનાગઢના જ વતની છે. સ્વ. પ્રાણલાલ વ્યાસની જન્મતિથિ નિમિત્તે જૂનાગઢમાં ભજનસંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું, જે પદ્મશ્રી દિવાળીબેનની અંતિમયાત્રા બાદ યથાવત રખાયું હતું. એકની જન્મતિથિ અને બીજાની વિદાય. આ ક્ષણે ભજનથી ઉચિત શ્રદ્ધાંજલિ બીજી કઈ હોઈ શકે? નત મસ્તકે શ્રદ્ધાંજલિ...